# લુએટા વૉકર

**–પ્રવીણા અવીનાશ કડકીયા**

‘નેશન્સ બેંક’માં મેં લગભગ આઠ વર્ષ કામ કર્યું હતું. લુએટા અમારી બેંક મેનેજર. મારો અને તેનો જન્મ દીવસ એક જ દીવસે. તે બરાબર મારા કરતાં દસ વર્ષ નાની હતી. શરુઆતમાં તો તેને ભારતીય માટે બહુ માન હોય એવું લાગ્યું નહીં. જો કે તે આફ્રીકન–અમેરીકન હતી એટલે થોડી તુંડમીજાજી ઓછી હતી.

એક વખત હું લંચ ટાઈમમાં મારું સલાડ ખાતી હતી.

‘પ્રવીના, યોર સલાડ લુક્સ ઈન્ટ્રેસ્ટીંગ'

‘ડુ યુ વોન્ટ ટુ ટ્રાય?'

મેં પુછ્યું. તેણે હા પાડી. પછી તો શીરસ્તો થઈ ગયો. મારી અને તેની દોસ્તી ધીરે ધીરે જામવા માંડી. તે થોડી આછા કલરની હતી. તેનો પતી ચર્ચમાં પ્રીસ્ટ હતો. એકવાર જ્યારે બેંકમાં આવ્યો ત્યારે તેને જોઈને હું છળી મરી હતી. ખેર, વાત આડે પાટે ચડી ગઈ.

રેયાટા અને હું એક જ ડીપાર્ટમેન્ટમાં કામ કરતાં. હજુ પણ મને યાદ છે, એ દરમ્યાન હું, એ.ટી.એમ. ડીપાર્ટમેન્ટમાં કામ કરતી હતી. જ્યારે બધા ટ્રાન્ઝેક્શન એ.ટી.એમ.ના મશીનમાંથી કાઢી લેવામાં આવે ત્યારે મારા ડીપાર્ટમેન્ટમાં આવતા. મંગળવાર ન આવે એવું હું ઈચ્છતી. શનીવારે આમ પણ, લોકો બેંકમાં વધારે જાય. રવીવારે રજા હોય. તેથી તે કામ મંગળવારે સવારે આવે. 1000થી 1200 કવર્સ પ્રોસેસ કરવા પડતા. પૈસા ગણવાના અને બધું કામ તૈયાર કરીને આપવાનું. ઘણીવાર સવારની સાડાસાતથી આવેલી હોઉં તોયે રાતના નવ વાગ્યા સુધી કામ પુરું ન થતું.

જ્યારે મને ખુબ કામ રહેતું ત્યારે રેયાટા મને મદદ પણ કરતી. આજે 25 વર્ષ થઈ ગયાં આ વાતને. મને એમ લાગે છે કે હું હજુ કાલે જ એ બેંકમાં ફુલટાઈમ કામ કરતી હતી.

દર મંગળવારે મોડું થતું ત્યારે પતીદેવ બેંક ઉપર લેવા આવતા. આમ, કામમાં તો ફાવી ગયું હતું. મારી સાથે ડીપાર્ટમેન્ટમાં ત્રણ આફ્રીકન–અમેરીકન અને ચાર ધોળીઓ હતી. બધા સાથે જૉબ પુરતો સારો સમ્બન્ધ હતો. બાકી મારાં બે સન્તાનો કૉલેજમાં હોવાથી ઘરે ખાસ બહુ કામ ન રહેતું.

બેંકમાં ફુલ ટાઈમ નોકરી મળી હતી તેથી મને ખુબ ગમતું. જો કે આ ડીપાર્ટમેન્ટમાં તમારે કોઈ પણ જાતનો સમ્પર્ક સામાન્ય માનવી સાથે ન હોય. તમારે તમારી કેબીનમાં બેસીને કામ કરવાનું. એટલું સારું, કોઈની ગડમથલ તમારા કામમાં ન હોય. એંજલા અમારી ટીમની લીડર હતી. એકવાર તેની ગાડીમાં સાથે ઘરે આવતાં ગાડીમાં કહે :

'મારી પાસે પૈસા નથી. ગેસના પૈસા આપીશ'?

હવે ના તો કેમ પડાય ! હું પણ કાંઈ બહુ પૈસા લઈને બેંકમાં જતી નહીં. ચાર્જ કાર્ડ હોય એટલે ચાલે. દસેક ડૉલર આપ્યા. પછી મને કહે,

'આ ગેસ સ્ટેશનવાળા અમારો જરાય ભરોસો ન કરે'.

'કેમ?'

મેં એને મારો અનુભવ કહ્યો. એકવાર રેન્ડોલ્સમાંથી ગ્રોસરી લીધી ને કાર્ડ હતું નહીં. મેનેજર મને ઓળખતી હતી. મને કહે, 'પૈસા પછી આપી જજે.'

આજે અમેરીકામાં આવું બનવું મુશ્કેલ છે. આ 90ના સમયની વાત છે. એંજલા રડવા જેવી થઈ ગઈ. કહે, 'આજે અમેરીકામાં અમારો વીશ્વાસ કોઈ ન કરે. સહુથી મહત્ત્વનું કારણ અમારી ચામડી છે.' ત્યારે મને થતું, મોટી વાતો કરતાં અમેરીકનો આપણા જેવા જ છે. આપણે ત્યાં જેમ કેટલાક અસ્પૃશ્ય ગણાય છે, તેવા અહીંના આ આફ્રીકન–અમેરીકન.

અંતર દુ:ખી થતું. છતાં પણ; અપવાદરુપ, કોઈ વાર તેમની વર્તણુક પણ જવાબદાર રહેતી. ડીપાર્ટમેંટમાં પાર્ટી હોય ત્યારે હું આપણું ગુજ્જુ ખાવાનું બનાવીને લઈ જાઉં. ધોળીયા અને કાળીયા એવી રીતે ખાવાના તરફ જુએ કે મારે કહેવું પડે : 'Please, do not give dirty look to my food. My food does not bite you.' (મહેરબાની કરીને આવી હીણી–ગંદી નજરે મારા ભોજનને ન તાકો. મારું ખાવાનું તમને બચકું નથી ભરતું.)

આજે એ જ લોકો, હું જ્યારે કમ્યુનીટી સેંટરમાં કુકીંગ ક્લાસ ચલાવું છું ત્યારે આંગળાં ચાટીને આપણું ખાવાનું ખાય છે. ઉપરથી વેજીટેરીયન છે એ જાણી, ડબલ ખાય છે. લુએટા મારી બેંક મેનેજર તો મારી સખી થઈ ગઈ હતી. તે પ્યોર ક્રીશ્ચન લેડી અને હું પ્યોર હીંદુ લેડી.

અમારા વીચારો ઘણા મળતાઝુલતા હતા. જ્યારે પણ તે થોડી ઉદાસ કે અપસેટ હોય ત્યારે મને તેની ઓફીસમાં બોલાવે. અમે બન્ને નીરાંતે વાતો કરીએ. તેને મારા વીચારો ખુબ ગમતા. ત્યારથી એક ફીલોસોફી મેં પણ જીવનમાં અપનાવતા શીખી લીધું.

'નો મેટર ફ્રોમ વોટ પાર્ટ ઓફ ધ અર્થ યુ આર, હ્યુમન બીંઈંગ આર સેમ ઓલ ઓવર ધ વર્લ્ડ. આઉટ સાઈડ સ્કીન–કલર હેઝ નો ઈમપોર્ટન્સ'. એનીથીંગ યુ ઈટ, બ્લડ ઈઝ ઓલવેઈઝ રેડ ઈન કલર.' (તમે વીશ્વના કોઈ પણ ભાગના હો, દુનીયાભરની માનવજાત સમાન છે. બહારની ચામડીના રંગોનું કશું મહત્ત્વ નથી. ખોરાક પણ જે હોય તે; સૌના લોહીનો રંગ તો લાલ જ છે.')

**–પ્રવીણા અવીનાશ કડકીયા**

**સર્જકસમ્પર્ક :**

Pravina Avinash kadakia,

651 Bering Dr.  Unit 304, Houston – TX – 77057-USA

Cell : 713 494 2734 eMail : pravina_avinash@yahoo.com

FaceBook : https://www.facebook.com/pakadakia

Blog : https://pravinash.wordpress.com/

સર્જકનું સર્જન : 1. 'અંતરનો અવાજ'(કવીતા સંગ્રહ); 2. 'સમર્પણ' : ભજનોની સી.ડી., પ્રીય પતીની યાદમાં; 3. 'એક ડગ ધરા પર' (પ્રથમ નવલકથા); 4. 'જાગીને જોંઉ તો'; 5. 'જીગરના પપ્પા'; 6. 'ઉમંગનું લોલક'; 7. 'સંઘર્ષની સોડમાં'; 8. 'ઝાકળ બન્યું મોતી'

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: ચૌદમું – અંક: 417 –January 06, 2019

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,59,40,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,17,01,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,52,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 12,36,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી, સરનામું.. વગેરે માહીતી મોકલી મને લખજો..

તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે, એક મેલ સાથે પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@@@@@